જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૧૯-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

હાઈ-એલર્ટ વચ્ચે પંજાબમાં હુમલો થતા સુરક્ષા પર સવાલો ઉઠ્યા,બે ડઝનથી વધુ લોકો ઘાયલ

અમૃતસરના નિરંકારી ભવનમાં ગ્રેનેડ હુમલો : ૩ના મોત

બાઈક પર આવ્યાં હતા હુમલાખોર,પોલીસે વિદેશી કટ્ટરપંથી સંગઠનો પર હુમલાની શંકા વ્યક્ત કરી,હુમલાને પગલે દિલ્હીમાં સુરક્ષા વધારાઈ

અમૃતસર

અમૃતસરના રાજાસાંસી ગામમાં રવિવારે ગોળીબાર સાથે પ્રચંડ વિસ્ફોટના બનાવને પગલે લગભગ ૩ લોકોના મોત થયા છે જ્યારે ૨ ડઝનથી વધુ લોકો ગંભીર રીતે ઘવાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ ઘટના એક ધાર્મિક સ્થળ પર બની છે. ઘટના સમયે નીરંકારી સમુદાયનો કીર્તન કાર્યક્રમ ચાલી રહ્યો હતો. આતંકી ગતિવીધિને પગલે પહેલાથી જ કડક સુરક્ષા રાખવામાં આવી હતી તેમ છતાં આ ઘટના બની હતી. અગાઉ જ ઈન્ટેલિજન્સના રિપોર્ટ મુજબ, દિલ્હી અને અમૃતસરમાં હાઈ એલર્ટ જાહેર કરાયું હતું. આ હુમલા પછી રાજધાની દિલ્હીમાં સુરક્ષા વધારવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ, બે મોટરબાઈક પર કેટલાક યુવાનાઓ આવ્યા હતા જેમણે ગોળીઓ વરસાવી હતી અને ગ્રેનેડ ફેંક્યા હતા. આ વિસ્તારના એસપીસી પરમારે જણવ્યું હતું કે, અમને વિસ્તારમાં ગ્રેનેડ ફેંક્વામાં આવ્યા હોવાની માહિતી મળી છે, પોલીસદળ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ ઘટના પાછળ વિદેશી કટ્ટરપંથીઓનો હાથ હોવાની આશંકા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંજાબમાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે.

પંજાબના મુખ્યમંત્રી અમરિંદર સિંહે ઘટનામાં માર્યા ગયેલા લોકો માટે



૫-૫ લાખ રુપિયાની સહાય અને ઈજાગ્રસ્તોને મફત સારવારની જાહેરાત કરી છે. તેમણે ટ્વિટ કરીને આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું હતું. તેમણે જિલ્લા પ્રશાસનને બધી જરુરી સહાયતા ઉપલબ્ધ કરાવવા માટે કહ્યું છે.

દર રવિવારે હજારોની સંખ્યામાં લોકો પ્રાર્થના અને કીર્તન માટે અધિવાલાના ગામના આ હોલમાં ભેગા થાય છે. જે સમયે ઘટના બની તે સમયે અંદર લગભગ ૫૦૦ લોકો હાજર હતા. જાણકારી પ્રમાણે સંદિગ્ધોએ નિરંકારી સમાગમના સ્થળે રહેલા સિક્યોરિટી ગાર્ડના લમણે બંદુક રાખી અને અંદર જઈને ગ્રેનેડ ફેક્યો હતો.

નોંધનીય છે કે, પંજાબમાં પહેલેથી જ પોલીસદળોને સૂચના આપવામાં આવી હતી કે, જમ્મુ-કાશ્મીરના સક્રિય ખૂંખાર આતંકી જાકિર મૂસા તેના સાથીઓ સાથે પંજાબના અમૃતસરમાં જોવા મળ્યો છે અને દિલ્હી અને પંજાબમાં આંતકીવાદી હુમલા બની શકે છે. બુધવારે પંજાબના પર પઠાણકોટ જિલ્લાના માધોપુર વિસ્તારથી ૪ શંકાસ્પદો દ્વારા ગન પોઈન્ટ પર એક ઈનોવા કાર લૂંટી હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટનાને લઈને પંજાબ પોલીસને ચાર શંકાસ્પદોના સીસીટીવી ફૂટેજ મળી આવી હતી તેમ છતાં પોલીસે આં અંગે કોઈ કાર્યવાહી કરી નહતી. સુરક્ષાદળોની આ અંગે સુરક્ષા પ્રત્યે બેદરકારી સામે આવી છે.

આજે આરબીઆઈ બોર્ડની બેઠક, આર્થિક વિકાસ સહિતના મુદ્દઓ પર ચર્ચા થશે

ન્યુ દિલ્હી

સોમવારે રિઝર્વ બેંકની મળી રહેલી બોર્ડ બેઠકમાં કોઈ વધુ વિખવાદ ઊભા ન થાય તે માટે સરકાર અને રિઝર્વ બેંક બન્ને તરફથી પ્રયત્નો થઈ રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે. રોકાણકારોનું માનસ ખરડાતા અટકાવવા સરકાર અને રિઝર્વ બેંક બન્ને પોતાની વચ્ચેના નીતિવિષયક મતભેદો દૂર થાય તેમ ઈચ્છી રહ્યા છે એમ નાણાં મંત્રાલયના આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. જો કે બોર્ડ મીટિંગનો એકંદર સૂર કેવો રહેશે તેના પર કોઈપણ પક્ષ તરફથી પ્રકાશ પડાતો નથી. આરબીઆઈ અને સરકાર વચ્ચેના હાલના મતભેદો આસાનીથી દૂર થાય તેવી શકયતા ઓછી છે. આમછતાં, વિધાનસભા તથા લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી સરકાર વધુ સખતાઈ વાપરીને મતભેદને રાજકીય મુદ્દો બનાવવા માગતી નહીં હોવાના પણ સંકેત મળી રહ્યા છે. અર્થતંત્રમાં લિક્વિડિટી વધારવા રિઝર્વ બેંક કેટલાક ધિરાણ ધોરણો હળવા કરશે તેવી અપેક્ષા રખાઈ રહી છે. રૂપિયા ૨૫ કરોડ સુધીનું ધિરાણ મેળવતી નાની કંપનીઓ માટે ધિરાણ ધોરણો હળવા બનાવાય તેવી સંભાવના હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. હાલમાં તો આ જો ને તોની વાત છે ખરું ચિત્ર તો બોર્ડ મીટિંગ બાદ જ સ્પષ્ટ થશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ ગયા સપ્તાહમાં વડા પ્રધાન મોદીને મળ્યા બાદ વડા પ્રધાન તાણ ઓછી કરવા કેવી ભૂમિકા ભજવે છે તે જોવાનું રહે છે. પટેલની નિમણૂંક વર્તમાન સરકારે જ ૨૦૧૬માં કરી છે અને તેમની મુદત આવતા વર્ષના સપ્ટેમ્બરમાં પૂરી થાય છે. રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર વિરલ આચાર્ય દ્વારા આરબીઆઈની સ્વાયત્તતાને લઈને સરકારની કરાયેલી ટીકા બાદ બન્ને પક્ષ વચ્ચેના મતભેદો સપાટી પર આવ્યા હતા.

ફેસબુક મહિનામાં બીજી વખત ઠપ થયું, પેજ રિફ્રેશ એરરથી યુઝર્સમાં રોષ

ન્યુ દિલ્હી

સોશ્યિલ નેટવર્કિંગ વેબસાઈય ફેસબુક રવિવારે ઠપ થઈ ગયું છે. વિશ્વભરના યુઝર્સને ફેસબુકનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. જોકે યુઝર્સ પોતાની પ્રોફાઈલ જોઈ શકે છે, પરંતુ ફેન્ડસ અને વિવિધ પેજ દ્વારા અપ્લોડ કરવામાં આવેલા ફોટા અને વીડિયો દેખાતા નથી. ફેસબુકના ડાઉન બાદ યુઝર્સે ટ્વિટર પર આની ફરીયાદ કરી છે. મોટાભાગના યુઝર્સનું એફબી ફીડ પેજ રિફ્રેસ થઈ રહ્યું નથી. ડેસ્કટોપ સ્ક્રીન પર એરર મેસેજ આવી રહ્યો છે. ફેસબુક ઓપન કરવા પર સમથિંગ વેન્ટ રોન્ગ અને ટ્રાઈ રિફ્રેશિંગ ધ પેજનો એરર મેસેજ દર્શાવી રહ્યા છે. જોકે હાલમાં સર્વીસ સામન્ય રૂપે ચાલું થઈ ગઈ છે. માત્ર ભારતમાંજ નહિં વિશ્વભરમાં આ સમસ્યા આવી રહી છે. આ દરમિયાન લોકો ટ્વિટર પર ટ્વીટ કરીને આ અંગે ફરીયાદ કરી રહ્યા છે. નોંધનીય છે કે, ગત માસમાં પણ ફેસબુક ડાઉન થવાની સમસ્યા આવી હતી જોકે થોડી વાર બાદ ફરીથી પેજ પરના તમામ ફોટા અને વીડિયોઝ દેખાઈ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, હાલમાં ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગને ચેરમેન પદ પરથી રાજીનામું આપવાની રોકાણકારો માંગણી કરી રહ્યા છે.

ક્લાસ વન ઓફિસર સામે અપ્રમાણસર મિલકતનો ગૂનો દાખલ

ગાંધીનગર

અન્ટી કરપ્શન બ્યૂરો (ACB)એ અપ્રમાણસરની મિલકતનાં સંદર્ભમાં સરદાર સરોવર નર્મદા નિગમનાં કાર્યપાલક ઈજનેર (ક્લાસ વન ઓફિસર) ગૂનો દાખલ કર્યો છે અને નર્મદા નિગમમાં ચાલતો ભ્રષ્ટાચાર ખુલ્લો પડ્યો છે. આ ગૂનો સુરેન્દ્રનગર એસીબી પોલીસ સ્ટેશનમાં, ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ-૧૯૮૮(સુધારો-૨૦૧૮) કલમ ૧૩(૧)(બી) ૧૩(૨) મુજબ નોંધાયો છે.

આ કેસમાં એન. કે.વ્યાસ, (ઈ.ચા. પોલીસ ઈન્સ્પેક્ટર), દેવભૂમિ દ્વારકા, (એ.સી.બી. પોલીસ સ્ટેશન) ફરિયાદી બન્યા છે. એસીબીએ મહેશભાઈ ધનજી ભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેર , વર્ગ-૧, સરદાર સરોવર નર્મદા નિગમ સૌરાષ્ટ્ર પેટા વિભાગ, ધ્રાગધ્રા, (રહે. મુળ- સારવણી, તા-ચીખલી, જી-નવસારી) સામે ગૂનો દાખલ કર્યો છે.

એસીબીને આ ક્લાસ વન ઓફિસર પાસેથી રોકડ રૂ .૪૬,૨૦ લાખ અપ્રમાણસરની મિલકત મળી છે. આધારભૂત સુત્રોનાં જણાવ્યા અનુસાર, આ કામનાં આરોપી વિરુદ્ધ તા-૧૪-૧૧-૧૮ ના રોજ સુરેન્દ્રનગર એસીબી પોલીસ સ્ટેશનમાં ગૂનો નોંધ્યો હતો અને આ આરોપીની ૧૪ નવેમ્બરનાં રોજ અટકાયત કરવામાં આવી હતી..

આ સમયે આરોપીની અંગજડતીમાથી રોકડ રુ ૩૧૦૦, તથા તેના વતનના રહેણાક મકાનની ઝડતી દરમ્યાન રોકડ રુ ૪૨૪૫૪૦૦/- તથા તેના ધ્રાગધ્રા ના રહેણાક મકાને ૧૫ નવેમ્બરનાં રોજ ઝડતી દરમ્યાન રોકડરુ ૩૪૪૪૭૦ મળી કુલ રોકડ રુ ૪૬,૨૦૮૭૦ ની અપ્રમાણસર મિલ્કત મળી આવેલી હતી.

૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં ભાજપ ૨૯૭-૩૦૩ સીટ જીતશે : પિયૂષ ગોયલના દાવો

ન્યુ દિલ્હી

આગામી વર્ષે થનારા લોકસભા ચૂંટણીની તૈયારીમાં શોરજોરમાં જોડાયેલી ભાજપ માટે એક રાહતભર્યા સમાચાર છે. વાસ્તવમાં કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલે દાવો કર્યો છે કે, તેમના એક સર્વેક્ષણના અનુસાર ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં ભાજપ ૨૯૭-૩૦૩ સીટ જીતશે. આ સર્વેક્ષણ માટે દેશભરના ૫.૪ લાખથી વધારે લોકોની પ્રતિક્રિયા લેવામાં આવી હતી.

પિયૂષ ગોયલે આગળ કહ્યુ કે, ૨૦૧૩માં પણ આ જ પ્રકારે સર્વે કરવામાં આવ્યો હતો અને ૨૦૧૪માં ભાજપ સરકારને પૂર્ણ બહુમત મળશે તેવુ અનુમાન લગાવવામાં આવ્યુ જે સાચ્ચુ સાબિત થયુ. ૨૦૧૯ માટે ઓગ્સ્ટ-સપ્ટેમ્બરમાં સર્વેક્ષણ કરવામાં આવ્યુ હતુ.

તમને જણાવી દઈએ કે, જ્યાં એક તરફ સત્તા ધરાવતી પાર્ટી ભાજપ પોતાની વાપસી માટે જોરશોરથી પ્રચાર કરી રહી છે તો બીજી તરફ વિપક્ષ પણ ભાજપને ઘેરવા માટે રણનીતિ બનાવી રહ્યુ છે. આજ ક્રમમાં થોડા દિવસ પહેલા આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યુ કે, ''ભાજપ વિરોધી પાર્ટીને એક મંચ બોલાવીને ભવિષ્યની યોજના બનાવવા માટે ૨૨ નવેમ્બરના નવી દિલ્હીમાં બેઠક કરવા જઈ રહ્યા છીએ.

બસ ઉત્તરકાશીથી વિકાસનગર જઈ રહી હતી,નિયંત્રણ ગુમાવતા ખાઈમાં ખાબકી

ઉત્તરાખંડમાં બસ ખીણમાં ખાબકતા ૧૧ના મોત, ૧૪ ઘાયલ

ઉત્તરકાશી

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક ખાનગી કંપનીની બસ મોટી દુર્ઘટનાનો શિકાર થઈ ગઈ હતી. મળતી માહિતી અનુસાર આ બસ ઉત્તરકાશીથી વિકાસનગર જઈ રહી હતી ત્યારે ડામટા નજીક અનિયંત્રિત થઈને ખાઈમાં ખાબકી હતી, જેના કારણે ઘટના પર જ ૧૧ યાત્રીઓનાં મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ૧૩ યાત્રીઓ ઘાયલ થયા હતા. બસ ખાઈમાં ખાબક્યા બાદ આસપાસનાં લોકોએ પોલીસને આ અંગે માહિતી આપી હતી. ત્યાર બાદ રાહત અને બચાવ કાર્ય ચાલુ કરવામાં આવ્યું. બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ત્યારે પહેલા ખાઈમાં ત્યાર બાદ યમુનામાં ખાબકી હતી. જેના કારણે તમામ મૃતકોને તથા ઘાયલોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. તમામ ઘાયલ થયેલા લોકોને સારવાર માટે ડામટા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર આ દુર્ઘટના આશરે ૧૨.૩૦ વાગ્યાની છે. આ બસ સવારે જાનકીચટ્ટીથી બડકોટ થતા વિકાસનગર જઈ રહી હતી ત્યારે જ આ દુર્ઘટના થઈ હતી. ઘાયલ યાત્રીઓનાં અનુસાર બસ જ્યારે ડામટાની નજીક પહોંચી ત્યારે ડ્રાઈવર બસે સંતુલન ગુમાવ્યું અને બસ આશરે ૨૫૦ ફુટ નીચે ખાઈમાં ખાબકી હતી. દુર્ઘટના સમયે બસમાં ૩૦થી ૩૨ યાત્રીઓ બેઠેલા હતા. દુર્ઘટના બાદ જે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમાંથી ૫ની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ દુર્ઘટનાની માહિતી મળ્યા બાદ ઉતરકાશી DRM,SDRF, ITBP અને પોલીસ ઘટના સ્થળે પહોંચ્યા અને રેસક્યુ ઓપરેશન ચાલુ કર્યું. પોલીસ આસપાસનાં વિસ્તારમાં પણ તપાસ કરી રહી છે. પોલીસને આશંકા છે કે ઝાડી ઝાંખરાઓમાં પણ લોકો ફસાયેલા હોઈ શકે છે. પોલીસના અનુસાર મરનારાઓની સંખ્યા હજી પણ વધી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે માર્ગ પર ૨૦૧૭માં પણ એક મોટી દુર્ઘટના ઘટી ચુકી છે. જેમાં ૪૭થી વધારે લોકોનાં મોત થયા હતા. ૨૦૧૭માં થયેલી તે ઘટના પાછળના મોટુ કારણ બસની હાલત હોવાનું જણાવાઈ રહ્યું છે.

પેટ્રોલમાં ૨૦ પૈસા અને ડિઝલમાં ૧૮ પૈસાનો ઘટાડો

ન્યુ દિલ્હી

પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં રાહતના સમાચારા સતત ચોથા રવિવારે પણ મળ્યા છે. દિલ્હીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં આજે ૨૦ પૈસા જ્યારે ડીઝલના ભાવોમાં ૧૮ પૈસાનો ઘટાડો થયો છે. દિલ્હીમાં હવે પેટ્રોલ ૭૬.૭૧ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. જ્યારે ડીઝલના ભાવોમાં પણ ઘટાડો આવતા તેના ભાવ ૭૧.૫૬ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયા છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવોમાં ઘટાડો આવતા છેલ્લા એક મહિનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં સતત ઘટાડો આવ્યો છે. જ્યારે ક્રુડ ઓઈલની ઉત્પતિ કરતા દેશોમાંના ઓપેક દ્વારા ક્રુડ ઓઈલના ભોવમાં ઘટાડો કરવાની સંભાવનાઓને કારણે શુક્રવારે આંતરાષ્ટ્રીય બજારમાં કિંમતોમાં તેજી જોવા મળી હતી.

મુંબઈમાં પણ પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. મુંબઈમાં પેટ્રોલના ભાવોમાં પણ ૨૦ પૈસાનો ઘટાડા સાથે ૮૨.૨૩ થયો હતો. જ્યારે ડીઝલના ભાવોમાં પણ ૧૯ પૈસાનો ઘટાડો થવાથી ૭૪.૯૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયા હતા.

રાજકોટ મહાનગરપાલિકાએ ગંદાપાણીને શુદ્ધ કરેલા પાણીને વેચશે, આજે બેઠક

રાજકોટ

ગુજરાત સરકાર દ્વારા ટ્રીટેડ વેસ્ટ વોટરને થર્મલ પાવર પ્લાન્ટ, ઔદ્યોગિક એકમો, બાંધકામ, વાણિજ્ય સંકુલો અને સંસ્થાઓ, મ્યુનિસિપલ બાગ-બગીચા અને કૃષિ-સિંચાઇ વગેરે ક્ષેત્રોમાં રી-યુઝ કરવા અંગે ૨૮ મે ના રોજ "પોલીસી ફોર રી-યુઝ ઑફ ટ્રીટેડ વેસ્ટ વૉટર" જાહેર કરવામાં આવેલી હતી છે.

ટ્રીટેડ(ગંદા પાણીને શુદ્ધ કરવું) વેસ્ટ વોટરનાં ફરી ઉપયોગ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ જનરલ બોર્ડ દ્વારા ઠરાવ કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં એકત્ર કરાતા ડોમેસ્ટીક સુએજને જુદા જુદા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરવામાં આવે છે. આવા ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ ઈન્ડસ્ટ્રીયલ યુઝ, ગાર્ડનીંગ, નર્સરી, કન્સ્ટ્રકશન વર્ક, ટોઈલેટ ફલશીંગ, વેહિકલ વોશીંગ વિગેરે હેતુ માટે કરી શકાય છે.

સૌરાષ્ટ્ર વિસ્તાર એ પાણીની અછત વાળો વિસ્તાર હોવાથી આવા હેતુ માટે ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ કરવામાં આવે, તો પીવાલાયક શુદ્ધ અને કિમતી પાણીની બચત થઈ શકે. ગુજરાત સરકાર દ્વારા પણ ટ્રીટેડ વેસ્ટ વોટરના રી-યુઝ અંગે નીતિ નક્કી કરવામાં આવેલી છે. પીવાલાયક શુદ્ધ અને કિમતી પાણીની બચત થઈ શકે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકા વ્યાજબી દરે ટ્રીટેડ વેસ્ટ વોટર આપવા ઈચ્છુક છે. તથા આ માટે જુદા જુદા એકમો પાસેથી ટ્રીટેડ વેસ્ટ વોટરના ઉપયોગની શક્યતા તથા જરૂરી જથ્થા અંગેની વિગતો મેળવવા માંગે છે. ટ્રીટેડ વેસ્ટ વોટરના ઉપયોગ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોમવારે એક મીટીંગનું આયોજન કરાવવામાં આવી છે.

ભાજપ-સંઘ અધ્યક્ષ પદે મુસ્લિમને બનાવી બતાવે : શંકરસિંહ વાઘેલા

સુરત

કોંગ્રેસ ઉપર વંશવાદના ભાજપ દ્વારા થઈ રહેલા આક્ષેપોના બળતા વિવાદમાં ઘી હોમતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભાજપ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં પણ વંશવાદ તોડી મુસ્લિમને વડા બનાવવાનો પડકાર ફેંક્યો હતો. શહેરમાં પત્રકાર પરિષદ સંબોધતા વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને ગાંધી પરિવારની વાતો થતી હોય ત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદે અને સંઘના નાગપુર ખાતેના રેશમબાગમાં વડા તરીકે ભાગવતને બદલે મુસ્લિમને વડા બનાવવાની વાત છેડી હતી. સંઘમાં લઘુમતી શાખા છે જ ત્યારે અંદરથી શા માટે મુસ્લિમ સભ્યને વડા બનાવાતા નથી એવો પ્રશ્ન કરી તેમણે નવા વિવાદનો મધપૂડો છંછેડયો હતો.

આ સાથે જ આવનારી લોકસભા ચૂંટણી પૂર્વે શરદ પવારના એન.સી.પી.માં જોડાવા કે, ચૂંટણી લડવા સંદર્ભે વાઘેલાએ જણાવ્યું હતું કે, તેમણે કોઈ નિર્ણય કર્યો નથી. પરંતુ તેઓ એન્ટિ-ભાજપ રહેશે અને તેના માટે કોંગ્રેસ સહિત કોઈની પણ સાથે છે. વાઘેલાએ હાલમાં વિવિધ રાજયોની વિધાનસભા અને ત્યાર બાદ લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને એન.ડી.એ.નો રકાસ થઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, ચૂંટણી બાદ બધા વિપક્ષો એક થઈ જશે અને જે ચૂંટાશે તે બધા જ એન્ટિ-બીજેપીના હશે એ વાત નક્કી છે.

હાલના સમયમાં રાજયમાં ખેડૂતોની આત્મહત્યાના વધી રહેલા બનાવો સામે લાલબત્તી ધરતા તેમણે કહ્યું કે, ખેડૂતોનો ભડકો સરકારને ભારે પડશે. સરકારે ટેકાના ભાવની લોલીપોપ આપી હોવાનું જણાવતા તેમણે સરકારની એમ.એસ.પી. માટે કોઈ સ્પષ્ટ નીતિ નહીં હોવાનો આક્ષેપ કર્યો હતો.

૯ ડિસેમ્બરથી ઘોઘા-હઝીરા રો-રો ફેરી શરૂ થશે, માત્ર ૩ કલાકમાં ભાવનગર-સુરત

ગાંધીનગર

ગુજરાતીઓ માટે એક સારા સમાચાર છે. હવે ભાવનગરથી ઘોઘા અને સુરતના હઝીરા વચ્ચે જેની આતુરતાથી રાહ જોવાતી હતી તે રો-રો ફેરી શરૂ થઈ રહી છે. અત્યારે દહેજ અને ઘોઘા વચ્ચે રો-રો ફેરી ચાલી રહી છે. હવે ગુજરાત મેરિટાઈઝ બોર્ડ અને ઈન્ડિગો સીવેઝ પ્રાઈવેટ લીમિટેડના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ પ્રોજેક્ટનું વિસ્તરણ થવા જઈ રહ્યુ છે. આ ફેરી સર્વિસથી ઘોઘા અને હઝીરા વચ્ચે ૧૦ કિમીનું અંતર માત્ર ૩.૧૫ કલાકમાં કપાઈ જશે. જ્યારે રોડથી ભાવનગર-સુરત વચ્ચેનું અંતર ૩૬૦ કિમી છે. જ્યારે દરિયાઈ માર્ગમાં આ અંતર માત્ર ૬૭ નોટિકલ માઈલ્સ જેટલું છે.

હઝીરા ભાવનગરથી ૨૦ કિ.મી દૂર આવેલું છે. આથી ઘોઘા જવા માંગતા યાત્રીઓ ફેરી જવા માટે એસ્સાર જેટ્ટી સુધી ૧૫ મિનિટનો પ્રવાસ કરવો પડશે. અત્યારે લોકો દહેજ જવુ પડે છે જેમાં તેમને ઘોઘા પહોંચતા દોઢ કલાક સુધીનો સમય લાગે છે. આ ફેરીમાં ૨૨૫ યાત્રીઓની કેપેસિટી છે. તે દિવસની એક રાઉન્ડ ટ્રિપ કરશે. ફેરીને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યા પછી કંપની ઘોઘા હઝીરા રૂટ પર પણ ઘોઘા જેવી સર્વિસ શરૂ કરવા માંગે છે. હઝીરામાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં એસ્સાર ગૃપની સ્ટેટ ઑફ ધ આર્ટ જેટ્ટી છે. ISPL હઝીરાની એસ્સાર જેટ્ટીનો ઉપયોગ કરીને ઘોઘા હઝીરા વચ્ચે રો-રો સેવા શરૂ કરશે. આ સેવા સફળ જવાની પૂરેપૂરી શક્યતા છે. ભાવનગર, અમરેલી, રાજકોટ અને જૂનાગઢમાં લાખો લોકો સુરતમાં કામ કરે છે.

સફાઇ અભિયાન હેઠળ ઐતિહાસિક વારસાનું જતન કરતા યુવાનો

સુરત,તા.૧૮

વિરમગામ શહેરના ગૌરવવંતા ઐતિહાસિક મુનસર તળાવની યુવાનો દ્વારા રવિવારે સફાઇ અભિયાન યોજાયું છે. શહેરના ગૌરવ સમું ઐતિહાસિક મુનસર તળાવ પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહની માતા મિનળદેવીએ બધાવ્યું હોવાનો ઇતિહાસ છે.

છેલ્લા ઘણા સમયથી પ્રજાની નિષ્કાળજી અને રાજકીય કિન્નાખોરીને લીધે ઐતિહાસિક મુનસર તળાવ બિસ્માર ગંદકી અને કચરાના ઢગથી ખદબદી રહ્યું છે.

ત્યારે વિરમગામ શહેરના યુવાનો દ્વારા આજે રવિવારે સવારે ૯ કલાકથી સાંજ સુધી સફાઇ હાથ ધરાઇ છે. આ સફાઇ અભિયાનમા ૫૦થી વધુ યુવાન તેમજ નગરપાલિકાની સફાઇ ટીમ મદદમાં જોડાઇ છે.

ઉપરાંત ગામના પ્રબુદ્ધ નાગરીકો યુવા શક્તિગૃપ સહિતના લોકો જોડાયા છે. વિરમગામની એક યુવા ટીમ દ્વારા આ ગૌરવવંતા ઐતિહાસિક મુનસર તળાવ ની સફાઇનુ બીડું ઝડપાતા સમગ્ર શહેરમાં આનંદની લાગણી છવાઇ ગઇ છે.

રાજકોટ એસટીને પરિક્રમાં ફળી, ૨ દિવસમાં ૫ લાખની આવક

રાજકોટ

જૂનાગઢમાં લીલી પરિક્રમાને લઈને રાજકોટ એસટી વિભાગે ૧૧૮ બસ જૂનાગઢ રવાના કરી છે. જેમાં ૧૦ હજાર યાત્રિકોનો સમાવેશ થાય છે. પરંતુ હજી રાજકોટ એસટી બસસ્ટેશનમાં યાત્રાળુઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. એસટીમાં ટ્રાફિક હજુ યથાવત છે. એસટીને લીલી પરિક્રમાં ફળી હોય તેમ બે દિવસમાં ૫ લાખની આવક થઈ છે. રાજકોટ એસટી વિભાગ દ્વારા લીલી પરિક્રમામાં જનારા યાત્રાળુઓ માટે અલગ જ સ્ટેન્ડ બનાવ્યું છે.

અમરેલી જૂનાગઢ પેસેન્જન ટ્રેનમાં યાત્રાળુઓના ધસારાને લઈને એસ.ટી. વિભાગે ધારી રેલવે સ્ટેશને લીલી પરિક્રમા માટે ત્રણ એકસ્ટ્રા બસ મુકી છે. તેમ છતાં રેલવે સ્ટેશને યાત્રાળુઓનો ધસારો યથાવત છે. ધારી રેલવે સ્ટેશને યાત્રાળુઓ ટ્રેન પર બેસી જૂનાગઢ જઈ રહ્યા છે. આથી યાત્રાળુઓ જીવના જોખમે મુસાફરી ન કરે તે માટે એસટી વિભાગે ત્રણ એસટી બસ રેલવે સ્ટેશન પર ફાળવી છે.

યુવતીનું અપહરણ કરી મુંબઈ લઈ જઈ ત્રણ માસ સુધી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ

મહેસાણા

ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓ છાસવાર બનતી રહે છે. આવી ઘટનાઓનો ગ્રાફ દિવસેને દિવસે વધતો જતો હોય એવું લગી રહ્યું છે. મહેસાણા જિલ્લામાં યુવતીનું અપહરણ કરીને દુષ્કર્મ આચર્યાની ઘટના અને નોકરીની લાલચ આપીને દુષ્કર્મનો પ્રયત્ન કરવાની ઘટના બની છે. વડનગર અને વિસનગરની આ બંને ઘટના અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધીને આગળી કાર્યવાહી હાથધરી છે.

મળતી માહિતી પ્રમાણે આશરે ત્રણ મહિના પહેલા મેહસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ગોઠવા ગામના બસ સ્ટેડ ઉપરથી એક યુવતીનું ચાર યુવકો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. યુવતીનું અપહરણ કરીને આ ચારે યુવકો યુવતીને મુંબઈ લઈ ગયા હતા. મુંબઈના ખાર વિસ્તારમાં યુવતીને ત્રણ મહિના સુધી ગોંધી રાખી હતી. જ્યાં યુવતી સાથે સતત ત્રણ મહિના સુધી દુષ્કર્મ આચર્યું હતું.

યુવકોની ચંગુલમાંથી છૂટેલી યુવતીએ ગોઠવા ગામના ચાર યુવકો સામે અપહણ અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ચાર યુવકો સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથધરી છે.

લીલી પરિક્રમાને લઈ ભાવિકોનો ધસારો, એસટી તંત્રએ ફાળવી વધારાની બસ

ગાંધીનગર

જૂનાગઢમાં લીલી પરિક્રમાની શરૂઆત થઈ છે. પરિક્રમા શરૂ થતા જ લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે. લોકોની સંખ્યામાં વધારો થતા અમરેલી એસટી વિભાગ હરકતમાં આવ્યું છે. ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં વધારો થતા એસટી બસની વ્યવસ્થા કરવામાં આવી છે.

એસટી વિભાગ દ્વારા ધારીથી ૩ વધુ બસો મુકવામાં આવી છે. મહત્વનું છે કે, લોકોનો ધસારો થતા લોકો ટ્રેન પર બેસીને જોખમી મુસાફરી કરી રહ્યા હતા. ટ્રેન પર બેસતા કરંટ લાગતા એક શ્રદ્ધાળુનુ મોત થયું હતું. ત્યારે હવે એસટી વિભાગ દ્વારા બસોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ગીરનારની લીલી પરીક્રમા ૩૬ કિલોમીટર સુધી પગપાળા ચાલીને કરવામાં આવે છે. ત્યારે દેશભરમાંથી લાખોની સંખ્યા મા ભાવિકો જોડાય છે ગીરનારની લીલી છમ વનરાઈ વચ્ચે અને કુદરતી વાતવરણમા ભક્તિ સાથે પરિક્રમા કરવા પધારે છે જય ગીરનારીના નાદ સાથે સતત પરિક્રમા રૂટ ઉપર ભાવિકો નો ધસારો જોવા મળી રહયો છે.

લો બોલો! સુરતમાં કાર ચાલક ટ્રાફિક લોક સાથે થયો પલાયન, થઈ પોલીસ ફરિયાદ

સુરત

અત્યારે ગુજરાતના મોટા શહેરોમાં ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાફિક પોલીસ વધારે સચેત બની છે. ત્યારે ટ્રાફિકને અડચણરૂપ થતા વાહનોને ટોઈંગ કે લોક મારવાની પ્રવૃત્તી હાથ ધરવામાં આવી રહી છે.

પરંતુ સુરતમાં એક વિચિત્ર કિસ્સો બન્યો છે. સુરતના વરાછા ખાતે ટ્રાફિક પોલીસે મારેલું લોક સાથે કારચાલક ભાગી ગયો હતો. જેના પગલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી પ્રમાણે સુરતના વરાછા, અરિહંત જવેલર્સની બાજુમાં હંસ સોસાયટી તરફ જવાના રોડ ઉપર એક કાર પાર્ક કરવામાં આવી હતી. કાર પાર્કિંગથી ટ્રાફિકના નિયમનો ભંગ થતો હોવાથી ટ્રાફિક પોલીસે લોક મારી દીધું હતું.

જોકે, કારનો ચાલક ગાડીને મારેલું લોક ખોલવા બાબતે પોલીસ કંટ્રોલ રૂમ કે ટ્રાફિક શાખામાં કોઈને પણ જાણ કરી ન્હોતી. પોતાની કાર રૂ. બે હજારના સરકારી લોક સાથે લઈને ભાગી ગયો હતો. આ મામલે વરાછા ટ્રાફિક સેક્ટરના હેડ કોન્સ્ટેબલ જિતેન્દ્રભાઈએ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. બનાવ અંગે વરાછા પોલીસ તપાસ કરી રહી છે. ટ્રાફિક લોક લઈને ભાગ જવાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.

સુરતમાં ચોકીદાર બન્યો ચોર,સાત લાખથી વધુની રોકડની ચોરી

સુરત

સુરતના નાના વરાછામાં વોચમેનએ ચોરી કરી છે. નવા આવેલા વોચમેને ૪ ફ્લેટમાં હાથ સાફ કર્યો છે. શ્યામધામ એપાર્ટમેન્ટમાં ૪ ફ્લેટમાં લાખોની ચોરી કરી છે. વોચમેન ૭ લાખથી વધુની રોકડ સહિત દાગીના લઈ ફરાર થયો છે. દિવાળી વેકેશન માણવા ગયેલા બંધ મકાનોમાં ચોરી કરવામાં આવી છે. તેમજ નોકર સહિત ૪ લોકો CCTVમાં કેદ થયા છે.

સુરતના સરથાણા વિસ્તારમાં ચોરીની ઘટના બની છે. નાના વરાછા વિસ્તારમાં આવેલા શ્યામધામ એપાર્ટમેન્ટના ૪ ફ્લેટમાં લાખોની ચોરી કરવામાં આવી છે.

દિવાળી વેકેશન મણવા ગયેલા બંધ મકાનમાં ચોકીદાર ટોળકીએ હાથ સાફ કર્યો છે. નવા આવેલા વોચમેને ૪ ફ્લેટમાં પોતાના સાથીદારો સાથે ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે.

૭ લાખથી વધુની રોકડ સહિત દાગીના લઈ આ ચોર ટોળકી ફરાર થઈ છે. નોકર સહિત ૪ લોકો સીસીટીવીમાં ચોરી કરતા કેદ થયા છે. સરથાણા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફેસબુક પર લાખો કમાવાની લાલચે એસ્સારના ડેપ્યુટી જીએમએ ૪૦ લાખ ગુમાવ્યા

સુરત

લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે નહીં મરે એ ઉકિત ફરી એક વખત સાર્થક થઈ છે.સુરતની એસ્સાર કંપનીમાં ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા એક શિક્ષિત કર્મચારીએ ફેસબુક પર લાખો રૂપિયા કમાઈ લેવાની લાલચે રૂપિયા ૪૦ લાખ ગુમાવ્યા હોવાની ફરિયાદ પોલીસમાં થઈ છે.સુરતમાં ડાયમંડ જવેલરી અને રિઅલ એસ્ટેટમાં રોકાણ કરો અને મોટો ફાયદો મેળવો એવી યોજનમાં એસ્સારનો કર્મચારી ભેરવાઈ ગયો હતો.મહિલાઓ ફોન પર વાત કરતી હતી એટલે ભોળવાઈ જઈને ડે. મેનેજરે જુદા જુદા ખાતામાં રૂપિયા ૪૦ લાખ જમા કરાવી દીધા હતા. સુરતની એસ્સાર કંપનીમાં ડે. મેનેજર પદે કામ કરતા અને નંદનિકેતન ટાઈનશીપમાં રહેતા નંદલાલ પ્રેમચંદ ગોયલે વર્ષ ૨૦૧૫માં ફેસબુક પર લાખો રૂપિયા કમાવાની યોજના જોઈ . જેમાં સુરતમાં રીઅલ એસ્ટેટ તથા ડાયમંડ જવેલરીમાં રોકાણ કરીને વધુ કમાઈ લેવાની તક હોવાની વાત હતી.નંદલાલે ફોન કર્યો તો દિલ્હીથી પ્રિયંકા નામની યુવતીએ ફોન પર વાત કરી.મહિલાનો અવાજ સાંભળીને ડે. મેનેજર ભોળવાઈ ગયા. બીજા દિવસે સરિન નામની યુવતીનો ફોન આવ્યો.તેણે બેંકમાં એકાઉન્ટ ખોલાવીને રકમ જમા કરાવવા નંદલાલને સમજાવી લીધા.૨૦૧૫થી ૨૦૧૮ સુધીમાં નંદલાલે જુદા જુદા ખાતામાં રૂપિયા ૪૦.૩૫ લાખ જમા કરાવી દીધા.શરૂઆતમાં નંદલાલને રૂપિયા ૧.૯૬ લાખ રૂપિયા મળ્યા હતા. તે પછી રકમ મળતી બંધ થઈ એટલે નંદલાલે સરીનને ફો કર્યો તો સરીને ધમકી આપી કે પોલીસ કેસ કર્યો તો બદનામ કરી દઈશ.૨૦૧૮માં નંદલાલે ખાતામાં ફરી તપાસ કરી તો ખાતું બંધ હતુ . હૈદ્રાબાદ પોલીસે એક કેસના અનુસંધાનમાં ખાતું બંધ કરી દીધું હતું. આખરે નંદલાલ ગોયલે પણ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

સુરતમાં મહિલા સંચાલિત કૂટણખાનાનો પર્દાફાશ,પાંચ ગ્રાહક,બે મહિલાની ધરપકડ

સુરત

સુરત શહેરના સૌથી વધુ ગીચ ગણાતા વિસ્તાર એવા ગોપીપુરામાં દેહવ્યાપારના ધંધાનો પર્દાફાશ થયો છે. પોલીસ દરોડામાં પાંચ ગ્રાહકો અને બે મહિલાની ધરપકડ કરવામાં આવી છે, એક ફ્લેટમાં ૩૦ વર્ષિય મહિલા દ્વારા આ કુટણખાનું ચલાવવામાં આવતું હતું. પોલીસ તમામની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે શહેના ગોપીપુરામાં વાઘેશ્વરી માતાજીની પોળમાં આવેલા મહાદેવ હાઈટ્સના એક ફ્લેટમાં ૩૦ વર્ષીય મહિલા દ્વારા કુટણખાનું ચલાવવામાં આવતું હોવાની ટેલિફોનિક ફરિયાદ થઈ હતી. ફરિયાદના આધારે અઠવા લાઈન્સ પોલીસે દરોડા કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા કાર્યવાહી દરમિયાન મહિલા ઉપરાંત પાંચ ગ્રાહકો દિલીપ ભૈયાલાલ, રાહુલ પપ્પુ, બાદલ સુરેશ, મયૂર વીજેન્દ્ર અને સતેન્દ્ર બ્રિજનંદન રંગે હાથ ઝડપાયા હતા. તો બે રૂપલલનાની પણ પોલીસ ધરપકડ કરી હતી. સમગ્ર કેસની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી એમ તોગડા કરી રહ્યાં છે. સામાન્ય રીતે કુટણખાના જેવી જગ્યાએ દરોડા પાડવા માટે પોલીસ ડમી ગ્રાહકનો સહારો લે છે પરંતુ આ કિસ્સામાં પોલીસે એક ટેલિફોનિક બાતમીના આધારે દરોડા પાડ્યા હતા, આ દરોડામાં પકડાયેલા તમામ ગ્રાહકો મજૂર વર્ગના હોવાનું કહેવામાં આવે છે.

જાહેર માર્ગો પર લારી-ગલ્લા સહિતના દબાણો રોકવા પ્રતિબંધક હુકમ કરાયા


નવસારી

હાલમાં ઠેર ઠેર ગેરકાયદેસર રીતે બિન પરવાનગીથી જાહેર રસ્તાઓ/માર્ગો પર રસ્તા/માર્ગોમાં આવતા ચાર રસ્તાઓ પર, સાર્વજનિક જગ્યાઓ પર રાહદારીઓને, ચાલીને જતાં લોકોને, વાહન વ્યવહારના સરળ અવરજવરને અગવડતા પડે તે રીતે દબાણ કરવાની જેવી કે ગેરકાયદેસર રીતે બિનપરવાનગીથી બાંધકામ કરી આડશ પેદા કરવી, ગોળ સર્કલ બનાવવા, સ્ટેચ્યુ મુકવા, લારી/ગલ્લાઓ મુકવા અંગેની ઘટનાઓ વારંવાર બનવા પામી છે. તેમજ ઘણીવાર રાહદારીઓ વચ્ચે, રાહદારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણની પરિસ્થિતિ પેદા થતી હોય છે. નવાસરી જિલ્લામાં આવી બાબતોને નિવારવાના હેતુસર, તેમજ જાહેર સુલેહશાંતિ અને ટ્રાફિક અને માર્ગ સલામતિને ધ્યાને લેતાં નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે શ્રી કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામાં ધ્વારા તા.૧૪/૧૧/૨૦૧૮ થી તા.૨૮/૧૧/૨૦૧૮ સુધી નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજય ધોરીમાર્ગો, રાજય ધોરીમાર્ગ તેમજ જિલ્લાના મુખ્ય અને અન્ય તમામ માર્ગો પર, રસ્તા/માર્ગોમાં આવતા ચાર રસ્તાઓ પર તેમજ સાર્વજનિક જગ્યાઓ પર ગેરકાયદેસર રીતે બિન પરવાનગીથી સામાન્ય લોકોને, રાહદારીઓને, ચાલીને જતા લોકોને, વાહન વ્યવહારના સરળ અવર-જવરને અગવડતા પડે તે રીતે દબાણ કરવાની જેવી કે ગેરકાયદેસર રીતે બિનપરવાનીગી બાંધકામ કરી આડશ પેદા કરવી, ગોળ સર્કલ બનાવવા, સ્ટેચ્યુઓ મુકવા, લારી/ગલ્લાઓ મુકવા જેવા તમામ કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવ્યો છે.આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લામાં સહકાર સપ્તાહ સંમેલન યોજાયું

- રાજ્યના વિકાસમાં સહકાર ક્ષેત્રનો અગત્યનો ફાળો
- વિના સહકાર નહિ ઉધ્ધારના ધ્યેય સાથે રાજય સરકાર કામ કરી રહી છે
- સહકારી માળખા થકી સમૃધ્ધ અને શ્રેષ્ઠ ગુજરાતના સ્વપ્નને સાકાર કરીએ
- સહકાર રાજ્યના વિકાસ માટે મહત્વનું પરિબળ
- સહકાર ભારતી દ્વારા આર્મી વેલ્ફેરફંડમાં રૂ.૧૧ લાખનો ચેક અર્પણ
- અકસ્માતે મૃત્યુ પામેલ ૧૮ સભાસદના વારસદારોને રૂ. ૧૮ લાખની ચેક સહાય અપાઇ
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે, વિના સહકાર નહિ ઉદ્ધાર ભાવનાથી જ રાજ્યનો વિકાસ થઇ રહ્યો છે.
- સહકારના મુળમાં વિશ્વાસ રહેલો છે. સહકારી પ્રવૃતિઓના પાયાના કાર્યકરોના આ વિશ્વાસ અને પરિશ્રમ થકી સહકારી માળખાનો વિકાસ થયો છે.
- મુખ્યમંત્રી મહેસાણા દૂધસાગર ડેરીમાં સહકાર ભારતી આયોજિત સહકાર સપ્તાહ અને સ્નેહ મિલન અવસરે સંબોધન કરી રહ્યા હતા.
- નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને સહકાર ભારતીના પદાધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.
- વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સહકારી પ્રવૃતિ સૌના સાથ સૌના વિકાસને સાકાર કરે છે. છેવાડાના માનવી ગ્રામીણ ગરીબ વંચીત સુધી વિકાસના ફળો પહોંચાડવામાં સહકાર ક્ષેત્ર મહત્વનું બન્યું છે.





અમુલ, બનાસ, દુધસાગર જેવી માઇલસ્ટોન સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓથી સહકાર ક્ષેત્રને વેગ મળ્યો છે. સહકારના માળખામાં પ્રમાણિકતા, મુલ્યનિષ્ઠતા રહેલી છે. મહેસાણા જિલ્લો સહકારી ક્ષેત્રે અગ્રણી જિલ્લો છે અને આ જિલ્લાએ અનેક સહકારી નેતાઓ આપ્યા છે તેમ પણ ઉમેર્યું હતું. સહકારી પ્રવૃતિઓ થકી શ્રેષ્ઠ ગુજરાતના નિર્માણ માટે આગળ આવવા સહકારી અગ્રણીઓને તેમણે અપીલ કરી હતી

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સહકાર રાજ્યના વિકાસ માટે મહત્વનું પરિબળ છે. સહકારી પ્રવૃતિઓ થકી સમાજલક્ષી પ્રવૃતિઓ થઇ રહી છે.રાજ્ય સરકાર સતત ખેડુતોની ચિંતા કરી રહી છે. રાજ્ય સરકારે ૪૦૦ મિમિ વરસાદવાળા તાલુકાઓમાં વિશેષ પેકેજ જાહેર કર્યુ છે. તેમણે કહ્યું કે આ સરકારે ખેડૂતોના હિતમાં રાજ્યની સ્થાપના બાદ સૌથી મોટી જાહેરાત કરેલ છે. જેમાં હેકટર દીઠ ધારાધોરણ મુજબ રૂ. ૬૩૦૦, ૫૮૦૦ અને ૫૩૦૦ રૂપિયાનું પેકેજ જાહેર કરેલ છે.મહેસાણા જિલ્લામાં કડી, મહેસાણા, બેચરાજી, વડનગર અને વિજાપુર તાલુકાને પસંદ કરાયા છે. મહેસાણા જિલ્લામાં ૮૪,૯૩૯ જેટલા ખાતેદારોને લાભ મળવાનો છે.નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ખેડુતોને ૨ રૂપિયે કિલો ઘાસ અપાય છે જે રાજ્ય સરકારને ૧૨ થી ૧૪ રૂપિયે પડે છે.ખેડુતોને ૧૦ કલાક વીજળી આપી જેમાં રાજ્ય સરકાર રૂ.૮૦૦ કરોડની સબસડી ખેડુતોને આપી રહી છે. આ રકમ ખેડુતો વતી સરકાર વીજકંપનીને આપે છે.

સહકાર સપ્તાહ સહકારી પ્રવૃતિઓનું એક પવિત્ર પર્વ છે. આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ દ્વારા આ સપ્તાહનું આયોજન કરવામાં આવે છે. સહકાર સપ્તાહમાં સહકારી પ્રવૃતિઓની સિદ્ધિ, સમસ્યાઓ અને ઉકેલ વિગેરેની સમીક્ષા કરી ભાવિ વિકાસ કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી.સહકાર સપ્તાહ દ્વારા સહકારી સિદ્ધાંતો, મૂલ્યોને વિશેષ જાણકારી આપી સભાસદોને માર્ગદર્શીત કરવામાં આવે છે. દર વર્ષે ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આ ઉજવણી કરવામાં આવી હતી.મહેસાણા જિલ્લામાં આયોજીત સહકાર સપ્તાહમાં રૂ.૧૧ લાખનો ચેક દેશના સેનાના જવાનોના કલ્યાણ માટે આર્મી વેલ્ફેર ફંડમાં મુખ્યમંત્રીને અર્પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અકસ્માતમાં મૃત્યુ પામેલ સભાસદોના ૧૮ વારસદારોને કુલ ૧૮ લાખના ચેક વારસદાર દીઠ રૂ.૧ લાખ પ્રમાણે ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં રાજ્યના રજિસ્ટ્રાર નલીન ઉપાધ્યાય, અગ્રણી કે.સી.પટેલ, ધારાસભ્ય રમણભાઈ પટેલ, કરશનભાઇ સોંલકી, સહકારી અગ્રણીઓ, અધિકારીઓ અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસી વિસ્તારોને પણ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજય સરકાર અથાગ પ્રયત્નશીલ

આહવા ખાતે દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના લાભાર્થીઓને સ્વરોજગારી ધિરાણ યોજના અંતર્ગત સાધનસહાય અને ચેક વિતરણ કાર્યક્રમ યોજાયો

આહવા : ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર (GTDC) તેમજ પ્રાયોજના વહિવટદારની કચેરી,ડાંગ આહવા દ્વારા ડાંગ દરબાર હોલ આહવા ખાતે સ્વરોજગારી ધિરાણ યોજના અંતર્ગત સાધનસહાય તથા ચેક વિતરણ કાર્યક્રમ વન અને આદિજાતિ રાજયમંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લા ડાંગ, તાપી, નર્મદા, નવસારી, વલસાડ, ભરૂચ અને સુરતના કુલ ૮૭ લાભાર્થીઓને રૂ. ૩કરોડ પ૬ લાખના સાધન સહાય તથા ચેક વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રભારીમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું



૮૭ લાભાર્થીઓને રૂ. ૩ કરોડ પ૬ લાખના સાધન સહાય તથા ચેક વિતરણ કરતા વન અને આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકર



હતું કે, આદિવાસી વિસ્તારોને પણ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજયસરકાર અથાગ પ્રયત્ન કરી રહી છે. ગુજરાતના ૧૪ આદિવાસી જિલ્લાઓના વિકાસ માટે બજેટમાં માતબર રકમની જોગવાઇ કરવામાં આવે છે.મંત્રીએ ઉમેર્યુ હતું કે, રાજય સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસની ચિંતા કરે છે. છેવાડાનો માનવી વિકાસયાત્રામાં જોડાઇ એ રાજય સરકારની નેમ રહી છે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનાને અમલી બનાવીને ઉમરગામથી અંબાજીના આદિવાસી વિસ્તારોમાં માળખાકીય સવતલો સહિત શૈક્ષણિક વ્યવસ્થાઓ ઊભી કરી છે. આદિવાસી સમાજ વિકાસથી વંચિત ન રહે તેની દરકાર આ સરકારે કરી છે.

જિલ્લા કલેકટર બી.કે.કુમારે કહ્યું હતું કે, આદિજાતિના વિકાસ તેમજ આર્થિક ઉત્થાન માટે ૧૯૭૨થી રાજય સરકારે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનને કાર્યાન્વિત કર્યુ છે. સરકાર દ્વારા આદિજાતિના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના કાર્યકારી એમ.ડી. ડો.સુમન રત્નમ દર્શીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું અને આભારવિધિ પ્રાયોજના વહિવટદાર એસ.બી. ચૌધરીએ કરી હતી.આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ બીબીબેન ચૌધરી, તાલુકા પંચાયતના પ્રમુખ નરેશભાઇ ગવળી, જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. વઢવાણિયા, નિવાસી અધિક કલેકટર જે.ડી.પટેલ, નાયબ વન સંરક્ષક અગ્નિશ્વર વ્યાસ,ત્રિવેદી અગ્રણી બાબુભાઇ ચૌર્યા, વિજયભાઇ પટેલ, મહેશ ભટ્ટ સહિતના પદાધિકારીઓ/અધિકારીઓ, લાભાર્થીઓ તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

શાળાઓમાં દિવાળી વેકેશનની સમાપ્તિ સાથે

સોમવારથી ગ્રાન્ટેડ શાળાઓમાં નવા શૈક્ષણિક સૂત્રનો ઉત્સાહભેર આરંભ થશે

નવરાત્રિ વેકેશનના કારણે આ વખતે દિવાળી વેકેશનમાં કાપ મૂકાયો

સુરત

રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે દિવાળી વેકેશન ટુકાવીને ૨૧માંથી ૧૦ દિવસનું કર્યું હતું. આજે દિવાળી વેકેશન પૂર્ણ થઈ સોમવારથી સ્કૂલો રાબેતા મુજબ ધમધમતી થશે.

રાજ્યના શિક્ષણ મંત્રી દ્વારા તમામ સ્કૂલો અને કોલેજોમાં નવરાત્રિ મહોત્સવ દરમિયાન વેકેશનની જાહેરાત સાથે દિવાળીનું ૨૧ દિવસનું વેકેશન ટુકાવી ૧૦ દિવસ કરવામાં આવ્યું હતું. રાજ્યની સરકારી ગ્રાન્ટેડ સહિત ઘણી સ્કૂલોએ નવરાત્રિમાં રજા પાળવાની સાથે દિવાળી વેકેશન ટૂંકાવ્યું હતું. આજે દિવાળી વેકેશનનો છેલ્લો દિવસ છે સોમવારથી સરકારી ગ્રાન્ટેડ સ્કૂલો અને કોલેજોમાં દ્વિતીય સત્રનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ જશે. શહેરમાં સહિત રાજ્યની ઘણી ખાનગી સ્વનિર્ભર સ્કૂલો દ્વારા નવરાત્રિ વેકેશનનો બહિષ્કાર કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે અગાઉથી નક્કી થયેલ કેલેન્ડર મુજબ દિવાળી વેકેશન ૨૧ દિવસનું જાહેર કર્યું છે. સોમવારથી સરકારી ગ્રાન્ટેડ સ્કૂલો શરૂ થશે જ્યારે ખાનગી સ્વનિર્ભર સ્કૂલો ૨૧ દિવસના વેકેશન બાદ ખુલશે.

બીજા તબક્કાની સ્ટેચ્યુ ઓફ યુનિટી યાત્રાને નવસારી જિલ્લામાં ઉષ્માભર્યો મળેલો આવકાર

નવસારી

નવસારી જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા રથયાત્રાના બીજા તબક્કાનો પ્રારંભ થયો છે. જિલ્લા કલેકટર ડૉ.એમ.ડી.મોડિયાના માર્ગદર્શન હેઠળ બીજા તબક્કાનું સુચારુ આયોજન ઘડી કાઢી એકતાયાત્રાનું ગામેગામ ભવ્ય સ્વાગત કરી આવકાર મળી રહયો છે.

ચીખલી તાલુકાના એકતા રથયાત્રા બીજા દિવસે નોગામા, ટાંકલ, વાંઝણા, ફડવેલ, અંબાચ, કાકડવેલ, સારવણી, સ્યાદા, કણભઈ, રૂમલા અને આમધરા ગામે ગ્રામજનો દ્વારા અભૂતપૂર્વ માન-સન્માન અને ઉષ્માભર્યો આવકાર મળ્યો છે. એકતા રથમાં સ્થાપિત સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડૉ.અમિતાબેન પટેલ, ચીખલીના અગ્રણી ડૉ.અશ્વિનભાઇ પટેલ, સરપંચશ્રીઓ, ગ્રામ અગ્રણીશ્રીઓ, પુષ્પમાળા અર્પણ કરી ભાવાંજલિ અર્પી હતી. ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા માન.વડાપ્રધાનશ્રીએ સેવેલું સ્વપ્ન સાકાર થયું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારક આસપાસના વિસ્તારના વિકાસ થશે સ્થાનિકોને રોજગારી મળશે. દેશને એકતા અને અખંડિતતાના મહાન શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના એકતાયાત્રા દ્વારા એકતા સંદેશને ગામેગામ ફેલાવવા યાત્રા યોજાઇ છે. જેને પ્રજા તરફથી અભૂતપૂર્વ આવકાર મળી રહયો છે. સરદાર સાહેબની પ્રતિમાને લોકો કુમકુમ તિલક, આરતી, પુષ્પોથી ભાવપૂર્વક સ્વાગત કરી સન્માન કરી અંજલી પાઠવી રહયાં છે.

લૂંટનો વણશોધાયેલ ગુનો શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ

વડોદરા રેન્જ પોલીસ મહાનીરીક્ષક અભયસિંહ ચુડાસમા તથા ભરૂચ પોલીશ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા સૂચના મળેલ તેના અનુસંધાને નાયબ પોલીસ આંધિક્ષક એલ.એ.ઝાલા નાઓએ મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા અંકલેશ્વર શહેર પોલીસની એક ટીમની રચના કરેલ જે ટીમ દ્વારા આ પ્રકારના ગુના બાબતે જરૂરી પેટ્રોલીગ તથા સી.સી.ટીવી ફૂટેજ ના આધારે વોચ રાખી ગુનાઓ શોધી કાઢવા માહીતી મેળવી પ્રયત્નો કરતા અંકલેશ્વર શહેર પોલીસ ના માણસોને મળેલ બાતમી ના આધારે વાલીયા ચોકડી તરફ થી ભરૂચ તરફ એક લુટમાં વપરાયેલ મારૂતી વાન જતી હોય જે બાતમી મુજબ વોચમાં રહી બાતમી વાળી વાન આવતા કોર્ડન કરી રોકી લઈ તેમા સવાર ઈસમો ઉપર શંક જતા તથા વાન ચેક કરતા શંકારપદ સામાન મળી આવેલ જેથી પકડાયેલ ઈસમોની પુછપરછ કરતા નીચે મુજબ ના ગુનાની કબુલાત કરેલ છે.

અંકલેશ્વર શહેર પો.સ્ટે ગુ.ર.નં ૧ ૨૯૪/૧૮ ઈ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મુજબ આરોપીનું નામ : (૧) ફૈયાઝ યાસીન દીવાન ઉ.વ. ૨૧ રહે, કાપોદ્રા અબરાક પાર્ક મોર્ડન સ્કુલની પાછળ અંકલેશ્વર જી.ભરૂચ (૨) ફ્રાન્સિસ ઉર્ફે રાહુલ ગેબ્રીયલ ડિસોઝા ઉ વ ૨૭ રહે બસ સ્ટેન્ડ સામે થરી માસ્ટર ની ચાલ,અંકલેશ્વર શહેર ભરૂચ

રિકવરી કરેલ મુદ્દામાલ - (૧) એક સેમસંગ કંપનીનો મોબાઈલ મોડલ નંબર SMD ૩૧૦ઈ (૨) MRF કંપનીના મો.સા મેકવીલ સાથે ટાયર નંગ-૨ (૩) રોકડા રૂ. ૨૮૦ /- (૪) ગુનાના કામે વપરયેલ મારૂતી વાન નંબર જી જે ૧૬ બી જી ૨૫૬૭ તમામ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે

ગુનાહીત ઈતીહાસ - આરોપી નં.૨ ફ્રાન્સિસ ઉર્ફે રાહુલ ગેબ્રીયલ ડિસોઝા નાઓ અગાઉ વાહન ચોરી ના ગુનામાં અંકલેશ્વર પો.સ્ટે ખાતે શને ૨૦૧૭ માં પકડાયેલ છે ઉપરોકત કામગીરી ઈન્ચાર્જ પો લી સ . ઈ ન્સ પે ક્ટ ર આર.કે.ધુલીયાની સુચના મુજબ પ્રો.પો.સ.ઈ એમ.આર. શકોરીયા તથા પ્રો.પો.સ.ઈ કે.એચ.સુથાર તથા એ.ડો બીપીનચંદ્ર મોઠનભાઈ તથા પો.કો ધનજર્યાસંહ વિક્વમસિંહ તથા પો.કો કિંતિભાઈ ચેલાભાઈ મારફતે કરવામાં આવેલ છે.

વાગરા બસસ્ટેશન પાસેથી વરલી મટકાનો જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક તરફથીજિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા પ્રોહી તથા જુગાર અંગેની ડ્રાઈવ રાખેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.નાઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.પટેલ ની સુચના તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.જે ધડુક ના માર્ગદર્શન મુજબ જુગારધારા નો કેસ શોધી કાઢેલ જેમા પાંચ આરોપીઓને પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીઓ માં -(૧) ફીરોજ ઈસાકભાઈ રાજ રહે.વાટાફળીયુ તા.વાગરા જી. ભરૂચ (૨) ગુલામભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ રહે, માજી સરપંચ ફળીયુ વસ્તી ખંડાલી તા.વાગરા જી. ભરૂચ (૩) વિજયભાઈ વેરીભાઈ રાઠોડ રહે, રહે. કોઠી ફળીયુ તા.વગરા જી.ભરૂચ (૪) કાલુભાઈ ઈબ્રાહીમભાઈ દિવાન રહે, લાહોરી ગોડાઉન તા.વાગરા જી. ભરૂચ (૫) છેલાભાઈ મોતીભાઈ વસાવા રહે, કરમાડ પાણીની ટાંકીની બાજુમા મુ.પો.કરમાડ તા.જી. ભરૂચ નો સમાવેશ થાય છે જયારે એમની પાસેથી જમ્ન કરેલ મુદ્દામાલ માં અંગઝડતી ના રૂપિયા-૧૧,૫૨૦/- મોબાઈલ નંગ-૧ કિ.રૂ.૧,૦૦૦/-કુલ્લે મુદામલ કિ.રૂ ૧૨,૫૨૦,/- નો મુદ્દામાલ મેળવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે .


જેતપુર સીટી વિસ્તારમાંથી ૩ વર્ષથી નાસતો ફરતો આરોપીને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય પેરોલ/ફર્લો સ્કોડ



રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય. જેથી આજ રોજ ઈન્ચા. પો.ઈન્સ. એલ.સી.બી. શ્રી જે.એમ.ચાવડા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઈ શ્રી યુ.એચ.વસાવા સા.તથા એ.એસ.આઈ મહમદરફીક ચૌહાણ,પો.હે.કો વિરરાજભાઈ પો.કો બાલકૃષ્ન ત્રીવેદી , દિવ્યેશભાઈ સુવા , મહેન્દ્રસિંહ સોલંકી, તથા પો.કો નેહલભાઈ દવે નાઓ નાસ્તા ફરતા આરોપીઓની તપાસમા જેતપુર સીટી વિસ્તારમા હતા આ દરમ્યાન પો.હેડ.કોન્સ વિરાજભાઈ ધાધલ નાઓને મળેલ બાતમી આધારે જેતપુર સીટી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૦૬/૨૦૧૫

આઈ.પી.સી. કલમ ૩૬૩.૩૬૬ વિ. મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી દિનેશ ભગત નાનજીભાઈ તળવાલીયા પટેલ રે.મોરવાડ તા.ભેસાણ જી.જુનાગઢ વાળા ને પકડી પાડી જેતપુર સીટી પો.સ્ટે આગળ ની કાર્યવાહી કરવા સોપેલ છે.

સ્ટેચ્યુના લોકાર્પણની સાથે ખાનગી કરણ થતા નર્મદા નિગમ હાંસિયામાં ધકેલાયુંની વાત



નર્મદા નિગમના અધિકારી અને કર્મચારીઓને પણ ફરજીયાત ટિકિટ ખરીદી કરી જવું પડે છે

રાજપીપળા : વિશ્વનું સૌથી ઉંચુ સ્ટેચ્યુ નિર્માણ થઈ ગયું છે અને જેને આજે ૧૯ દિવસ થયા અને એને અંદાજે ૨ લાખ લોકો નિહાળી ચુક્યા છે તથા ૩ કરોડથી વધુ ની આવક થઈ ગઈ છે પણ આ આવક કોને થઈ..? સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ ને થઈ રહી છે આ તમામ ટિકિટ નો કોન્ટ્રાકટ ખાનગી એજન્સીઓ ને આપ્યો છે જેથી નર્મદા નિગમના કર્મચારીઓ અને આધિકારીઓને પણ આ સ્ટેચ્યુ ઉપર જવા માટે ફરજીયાત ૩૫૦ રૂપિયા ખર્ચ કરીને જવું પડે છે એટલે નર્મદા નિગમનું કામ હાલ હાંસિયા માં ધકેલાયું હોય જેમાં કોઈનું મહત્વ રહ્યું નહિ એટલે તેમના માટે સ્ટેચ્યુ નું ખાનગી કરણ થઈ ગયું છે એમ કહી શકાય

નર્મદા નિગમ આધિકારીઓ ની મહેનત અને સ્થાનિકોની જમીન છતાં ખાનગી એજન્સી રોજના લાખો રૂપિયા પ્રવાસીઓ પાસેથી ઉઘરાવે છે જે લઈને નર્મદા જિલ્લાના લોક અને નર્મદા નિગમના આધિકારીઓ માં છૂપો રોષ જોવા મળી રહ્યો છે અને ૩૫૦ રૂપિયા વ્યક્તિ દીઠ ખરીદવા જાય તો એક પરિવાર ને ૧૫૦૦ રૂપીયા જેટલો ખર્ચ સામાન્ય થઈ જાય ત્યારે દૂર દૂર થી લોકો જોવા આવે છે પણ સ્થાનિક કર્મચારીઓ જોઈ સકતા નથી જેથી કર્મચારી અને સ્થાનિક આદિવાસીઓ પોતાના માટે રાહત દરે ટિકિટ આપે અથવા મફત રાખે જેવી માંગ કરી રહ્યા છે.

ભરૂચના લીસ્ટેડ બુટલેગરને ત્યાં રેઈડ કરી મોપેડમાંથી ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોર્ડ

પોલીસ મહાનિરિક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ, વડોદરા તથા ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં ગેર કાયદેસર રીતે ચાલતા પ્રોહીબીશનના ગુનાઓ તેમજ મુદામાલ શોધી કાઢવા જણાવેલ જેથી મળેલ બાતમી આધારે મીપ્કો કંપની સામે છમ્ઝ કોલોની પાસે આવતાં કૃપેશભાઈ શંકરભાઈ કહાર રહે. મીરામ્બીકા સોસાયટી, મીપ્કો કંપની સામે ભરૂચ નાનો પોતાની એકસેસ ગાડી મુકી નાશી ગયેલ અને ડીકીમાં તપાસ કરતા દારૂ ની બોટલો મળી અને રજીસ્ટ્રેશન નંબર પ્લેટ વગરની સુઝુકી કંપનીનું એકસેસ ૧૨૫ ની ડીકીમાંથી ગેર કાયદેસરનો કુલ રૂપિયા-૨૫,૫૦૦/- નો મુદામાલ પેરોલ ફર્લો સ્કોડ ભરૂચની ટીમે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી કરવા સારૂ ભરૂચ શહેર સી.ડીવી.પો.સ્ટે .માં સોંપવામાં આવેલ છે.ઉપરોકત કામગીરી ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઈ. જે.વાય.પઠાણ તથા ટીમે સાથે મળી કરી હતી .

નેત્રંગ પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂનો જથ્થા સાથે બુટલેગર ને પણ ઝડપી લીધો

પોલીસ અધિક્ષક રાજેન્દ્રસીહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક એલ.એ ઝાલા અંક્લેશ્વર વિભાગ નાઓ તરફથી જીલ્લામાં પ્રોહી./જુગારની અસામાજીક પ્રવૃત્તિ ડામવા કાયદેસર કાર્યવાહી કરવા અંગેની સુચના ના આધારે નેત્રંગ પોલીસ સ્ટેશન પ્રોહી./ જુગારની અસામાજીક પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન અ.હે,કો.વિજયસીંહ કાનાભાઈ , બ.નં.૧૦૮૨ નાઓને મળેલ બાતમી આધારે પો.સ.ઈ.કે.ડી.જાટ તેમજ સ્ટાફના માણસોએ ગાલીબા ગામે બાતમી આધારે આરોપી દીલીપભાઈ નટવરભાઈ વસાવા,ગાલીબા, મંદીર ફળીયું, તા.નેત્રંગ , જી.ભરૂચ ના રહેણાંક ઘરમાંથી ગે,કા રીતે વગર નો ઈગ્લીશ દારૂ ની ૧૮૦/- મી.લી.ની બોટલ નંગ, ૧૯૦,ની કિંમત રૂપિયા ૧૯૦૦૦/તથા બિયરના ૫૦૦ મી.લી.ના ટીન નંગ,૭૨/- કી.રૂ.૭૨૦૦/- મળી કુલ રૂ ૨૬૨૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી દીલીપભાઈ નટવરભાઈ વસાવા ને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

નાંદોદ તાલુકા ના રામપુરા મંદિરના મહારાજને ઢોર માર મારતા મોત, હત્યા નો ગુનો દાખલ



રાજપીપળા થી મંદિર માટે શાકભાજી લઈ પોતાની બાઈક પર રામપુરા પરત જતા મહારાજ ને રસ્તામાં અટકાવી માર મારી ઈજગ્રસ્ત હાલતમાં છોડી મુક્યા બાદ અન્ય બચાવવા આવનાર સંત ને પણ ધમકી આપી તગેડી મૂકતા સારવાર માં લઈ જતા સમય લાગ્યો હોવાનું ફરિયાદી બજરંગદાસજી એ જણાવ્યું ખેતર માં દબાણ કરવા બાબતે થયેલી તકરાર બાદ બેટ અને લાકડીઓ વડે મહારાજ ને ઢોર માર મારતા ગંભીર ઈજાઓ બાદ રાજપીપળા સિવિલ માં મોત



રાજપીપળા : નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકાના રામપુરા ગામના ધનેશ્વર મહાદેવ મંદિર ના સ્વામી રામારેદાસ અભિરામદાસ ત્યાગી સાથે ખેતરમાં દબાણ કરવા બાબતે ગોપાલપુરા ગામના યશપાલસિંહ ભુરિંહ ગોહિલ સાથે થયેલી માથાકૂટ બાદ શનિવારે બોરે।મપુરા થી વાવડી જતા કાચા રસ્તા પર યશપાલસિંહ તથા તેની સાથેના દસેક માણસો એ બેટ તથા લાકડીના ફટકા મારતા રામપ્યારેદાસ ને ગંભીર ઈજાઓ પોહ્ચાડતા તાત્કાલિક રાજપીપળા સિવિલ માં ખસેડાયા હતા પરંતુ સ્વામી ને ઢોર માર ના કારણે વધુ ઈજાઓ થતા એમનું સિવિલ ખાતેજ મોત થતા રામપુરા માંગરોલ પંથક માં શોક ની લાગણી વ્યાપી જવા પામી હતી આ બાબતે ગુવાર રામાનંદ આશ્રમ ના મહારાજ બજરંગદાસજી ત્યાગી એ ફરિયાદ આપી હતી

એક સાધુ ની હત્યા ના સમાચાર ની વાત વાયુવેગે ફેલાતા નાંદોદ તાલુકા ના સંતો ની રાજપીપળા સિવિલ ખાતે ભારે ભીડ જોવા મળી હતી અને રાજપીપળા પોલીસ પણ આ માટે તરત હરકત માં આવી તાત્કાલિક ડી વાય એસ પી રાજેશ પરમાર અને ટાઉન પી આઈ આર એન રાઠવા ઘટના ઘટના સ્થળે દોડી જરૂરી તપાસ હાથ ધરી હત્યા કરનાર યશપાલસિંહ અને એની સાથે સ્વામી ને માર મારનારા અન્યો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ ના ચક્રો ગતિમાન કર્યા હતા હાલ રાજપીપળા પોલીસે યશપાલસિંહ ગોહિલ અને અન્ય વિરુદ્ધ હત્યા અને હત્યા માં મદદગારી કરવા બાબતનો ગુનો નોંધી તમામ ની ધરપકડ કરવા શોધખોળ શરુ કરી છે તપાસ ટાઉન પી આઈ આર એન રાઠવા કરી રહ્યા છે .

નર્મદા પ્રવાશન ધામ બનતા આશ્રમો બનાવવાની વધતી કામગીરી માં દબાણ વધ્યા ચર્ચા

નર્મદા જિલ્લો પ્રવાસન ધામ બનતા નર્મદા નદી કિનારે આશ્રમો બનાવવાની હોડ લાગી છે ત્યારે ધર્મ ના નામે જમીનો પર દબાણો કરવાની બાબતો પણ સામે આવી છે ત્યારે આજુબાજુ ના ખેડૂતો અને આ મહંતો સાથે ઘર્ષણો પણ થતા આવતા આવા ઘર્ષણો નો આવો કરું અંજામ આવશે એવું ક્યારે કોઈએ વિચાર્યું પણ નહિ હોય.ત્યારે હવે આ સ્વામીની જુબાની કેટલી સાચી છે અને આ સ્વામી આ હુમલાખોરો ને પકડાવવા કેટલા સફળ રહે છે જે જોવું રહ્યું.

ડિસેમ્બર માસમાં લેવાનારી સરકારી ભરતીની પરીક્ષાઓની રાજપીપળામાં તૈયારી કરતા યુવાનો

રાજપીપળા નગરપાલિકા દ્વારા યુવાનોના સારા ભવિષ્ય માટે રાત દિવસ પુસ્તકાલયમાં વ્યવસ્થા ગોઠવાતા સારા પરિણામની આશા - ડિસેમ્બર માસ માં લેવાનારી તલાટી, ક્લાર્ક, પોલીસ, સમાજ કલ્યાણ, હાઈકોર્ટ ક્લાર્ક સહિતના ખાતાઓ પરીઓ ની નગરપાલિકા પુસ્તકાલય માં તૈયારી કરતા યુવાનો અને યુવતીઓ

રાજપીપળા : સમગ્ર રાજ્ય માં આગામી ડિસેમ્બર મહિનામાં લેવાનારી તલાટી પોલીસ સહિતની પરીક્ષાઓ ની તૈયારીઓ દરેક જિલ્લા ના યુવાનો કરી રહ્યા છે ત્યારે નર્મદા જિલ્લા ના વડા મથક રાજપીપળા ખાતે પણ હજારો બેકાર યુવાનો આ માટે ની તૈયારી માં પોરવાયેલા છે પરંતુ એ પૈકી મોટા ભાગના યુવાનો ના ઘરે શાંત વાતાવરણ માં વાંચન કરી એકાગ્રતા બાબતે કોઈ ખાસ વ્યવસ્થા નથી ત્યારે રાજપીપળા નગરપાલિકા ના અધિકારીઓ પાસે આ વાત આવતા યુવાનોની રજુઆત બાદ નગરપાલિકા પુસ્તકાલય ને એના નિયત સમય કરતા વધુ સમય ખુલ્લું રહે અને રાત દિવસ આ યુવાનો શાંત વાતાવરણ માં વાંચન કરી પોતાનું ભવિષ્ય બનાવે એ માટે મંજૂરી આપતા હાલ છેલ્લા બે મહિના થી દરબાર રોડ સ્તિથ પાલિકા પુસ્તકાલય માં ખુબ મોટી સંખ્યા માં યુવાનો વાંચવા આવી રહ્યા છે આ યુવાનો ને લાઈટ , પંખા અને પાણી સહીત ની અન્ય જરૂરિયાત નું પણ પાલિકા ના અધિકારીઓ અને પુસ્તકાલય ના કર્મચારીઓ દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.ત્યારે આવનારું પરિણામ યુવાનોના સારા ભવિષ્ય ની તરફેણ માં આવશે એમ પુસ્તકાલય માં વાંચન કરી રહેલા યુવાનોનું માનવું છે .